# SARDAR PATEL UNIVERSITY

VALLABH VIDYANAGAR,

GUJARAT-388 120

Phone:(02692)–226815 , Fax: 02692-236475/237258/230309

Website: www.spuvvn.edu Email ID: registrar_spu@spuvvn.edu


**NAAC Accredited with Grade 'A' (CGPA 3.25)**

........................................................................................................

**EMPLOYMENT NOTIFICATION EST-1 (2021) Adv. No.B/S/2/4155 Date: 04/01/2021**

Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar-388120, invites online applications in the prescribed form for the following **Administrative Positions** to be filled up in accordance with the approval of the Govt. of Gujarat Education Deptt.'s letter No.SPU/1312/1672/kh-2 dated 21/04/2017 & Govt. of Gujarat Education Deptt.'s letter No.SPU/132012/798/kh-2 dated 10/06/2019).

Separate applications are required for each posts, otherwise the application form will be rejected.

**# Important Dates**:

| | |
|---|---|
| Date of Commencement of online Application | **11/01/2021** |
| Last date of online Application | **10/02/2021** |
| Last date of submission of hardcopy of online application along with all testimonials to the below address. "The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar-388120" (Including postal processing days) | **17/02/2021 Up to 5:00 PM** |

**# Processing Fees: (To be paid through online mode)**

| | | |
|---|---|---|
| 1 | For S.C. and S.T. category candidates | Rs.250/- (Non-refundable) |
| 2 | Other category candidates | Rs.500/- for (Non-refundable) |

## (A) General Administrative

| For Administrative Posts | | No. of Posts | | | | |
|---|---|---|---|---|---|---|
| **Sr. No.** | **Name of the Posts** | **SC** | **ST** | **SEBC** | **EWS** | **Open** |
| **1.** | Deputy Registrar<br>(Rs.67,700-2,08,700) PML-11 | --- | --- | 01 | --- | 01 |
| **2.** | Statistician<br>(Rs.53,100- 1,67,800) PML-9 | --- | --- | --- | --- | 01 |
| **3.** | Stenographer<br>(Fixed Pay of Rs.31,340/- for five years)<br>(Rs.35,400-1,12,400) PML-6 | --- | --- | --- | --- | 01 |
| **4.** | Statistical Assistant<br>(Fixed Pay of Rs. 31340/- for five years)<br>(Rs.29,200-92,300) PML-5 | --- | --- | --- | --- | 01 |
| **5.** | Junior Clerk cum Typist<br>(Fixed Pay of Rs.19,950/- for five years)<br>(Rs.19,900-63,200) PML-2 | 01 | 05 | 09 | 02 | 07 |
| **6.** | Junior Clerk (Library)<br>(Fixed Pay of Rs.19,950/- for five years)<br>(Rs.19,900-63,200) PML-2 | 01 | 01 | 01 | --- | --- |

| For Administrative Posts | | | No. of Posts | | | | |
|---|---|---|---|---|---|---|---|
| Sr. No. | Name of the Posts | | SC | ST | SEBC | EWS | Open |
| 7. | Junior Laboratory Assistant (Fixed Pay of Rs.19,950/- for five years) (Rs.19,900-63,200) PML-2 | | --- | --- | 01 | --- | 02 |
| 8. | Technical Assistant (Fixed Pay of Rs.38,090/- for five years) (Rs. 39,900-1,26,600) PML-7 | Computer Science | --- | --- | --- | 01 | --- |
| | | Post B.Sc. Diploma Course in Computer Science | --- | --- | 01 | --- | 01 |
| | | Home Science | --- | --- | --- | --- | 01 |
| | | Bhaikaka Library | --- | 01 | 01 | --- | --- |

**(B) For Computer Centre :**

| Sr. No. | Name of the Posts | SC | ST | SEBC | EWS | Open |
|---|---|---|---|---|---|---|
| 1. | Electrician-cum-Air Condition Plant Mech. Operator (Fixed Pay of Rs.31,340/- for five years) (Rs.29,200-92,300) PML-5 | --- | --- | --- | --- | 01 |
| 2. | Punch Operator (Fixed Pay of Rs.19,950/- for five years) (Rs.19,900-63,200) PML-2 | --- | --- | --- | --- | 01 |

**(C) For Health Centre :**

| Sr. No. | Name of the Posts | SC | ST | SEBC | EWS | Open |
|---|---|---|---|---|---|---|
| 1. | Compounder Fixed Pay of Rs.19,950/- for five years) (Rs. 25,500-81,100) PML-4 | --- | --- | --- | --- | 01 |

**(D) For Chemistry Department :**

| Sr. No. | Name of the Posts | SC | ST | SEBC | EWS | Open |
|---|---|---|---|---|---|---|
| 1. | Technician (Rs.56,100-1,77,500) PML-10 | --- | --- | --- | --- | 01 |

**(E) For Biosciences Department :**

| Sr. No. | Name of the Posts | SC | ST | SEBC | EWS | Open |
|---|---|---|---|---|---|---|
| 1. | Garden Supervisor (Fixed Pay of Rs. 31,340/- for five years) (Rs.29,200-92,300) PML-5 | --- | --- | --- | --- | 01 |

**(F) For Estate:**

| Sr. No. | Name of the Posts | SC | ST | SEBC | EWS | Open |
|---|---|---|---|---|---|---|
| 1. | Mason<br>(Fixed Pay of Rs. 19,950/- for five years)<br>(Rs. 25,500-81,100) PML-4 | --- | --- | --- | --- | 01 |

**(G) For University Press :**

| Sr. No. | Name of the Posts | SC | ST | SEBC | EWS | Open |
|---|---|---|---|---|---|---|
| **1.** | Junior Compositor (University Press)<br>(Fixed Pay of Rs.19,950/- for five years)<br>(Rs.19,900-63,200) PML-2) | 01 | 01 | 02 | --- | --- |
| **2.** | Copy Holder Cum- Clerk<br>(Fixed Pay of Rs.19,950/- for five years)<br>(PB-5200-20200 GP 1900)<br>(Rs.19,900-63,200) PML-2 | --- | --- | --- | --- | 01 |

A, B, C, D, E, F posts carry the PML and other benefits like D.A., G.P.F. / C.P.F./ NDCPS as per norms of the State Government and University rules from time to time.

"G" University Press post carry the PML with Applicable Grade Pay and other benefits as per factory act.

## :: QUALIFICATIONS ::

**(A) General Administrative :**

| No. | Name of Posts | Qualifications |
|---|---|---|
| 1. | Deputy Registrar<br><br>(Rs.67,700-2,08,700) PML11 | (1) A Master's degree with at least 55% of the marks or equivalent grade.<br>(2) Nine years of experience as a Assistant Professor in the Academic Level 10 and above with experience in educational administration.<br>**OR**<br>Comparable experience in research establishment and/or other institutions of higher education.<br>**OR**<br>Five years of administrative experience as Assistant Registrar or in equivalent post.<br>**Age Limit : Below 50 years** |
| 2. | Statistician<br>(Rs.53,100- 1,67,800) PML-9 | M.Sc. in Statistics/ Mathematics/Quality and Productivity Management with at least 55% of the marks or equivalent grade and at least five (5) years practical experience in analysing data using Statistical Software.<br>**Age Limit : Below 40 years** |

| No. | Name of Posts | | Qualifications |
|---|---|---|---|
| 3. | Stenographer<br>(Fixed Pay of Rs.31,340/- for five years)<br>(Rs.35,400-1,12,400) PML-6 | | Any Graduate with at least 50% of the marks or equivalent grade and Steno with the minimum speed of 40 w.p.m. (English) in Typing & 100 w.p.m. (English) for Stenography.<br>Knowledge of Computer operation is essential.<br>Necessary Certificates from recognized institute from state or central government shall attached for typing and Stenography.<br>**Age Limit : Below 40 years** |
| 4. | Statistical Assistant<br>(Fixed Pay of Rs. 31,340/- for five years)<br>(Rs.29,200-92,300) PML-5 | | M.Sc. in Statistics/Quality and Productivity Management with at least 50% of the marks and at least three years experience of statistical work and experience in analyze data using Statistical Software.<br>**Age Limit : Below 35 years** |
| 5. | Junior Clerk cum Typist<br>(Fixed Pay of Rs.19,950/- for five years)<br>(Rs.19,900-63,200) PML-2 | | A Graduate with English as one of the subject with at least 50% of the marks or equivalent grade and should possess the speed in Gujarati typing 25 w.p.m. and English typing 40 w.p.m.<br>Knowledge of Computer operation is essential.<br>Necessary Certificates from recognized institute from state or central government shall attached for typing.<br>**Age Limit : Below 35 years** |
| 6. | Junior Clerk (Library)<br>(Fixed Pay of Rs.19,950/- for five years)<br>(Rs.19,900-63,200) PML-2 | | Any Graduate with Bachelor of Library Science with at least 50% of the marks or equivalent grade and should possess the speed in Gujarati typing 25 w.p.m. and English typing 40 w.p.m.<br>Knowledge of Computer operation is essential.<br>Necessary Certificates from recognized institute from state or central government shall attached for typing.<br>**Age Limit : Below 35 years** |
| 7. | Junior Laboratory Assistant<br>(Fixed Pay of Rs.19,950/- for five years)<br>(Rs.19,900-63,200) PML-2 | | B.Sc. in Chemistry/Physics/Bioscience with at least 50% of the marks or equivalent grade.<br>**Age Limit : Below 35 years** |
| 8. | Technical Assistant<br>(Fixed Pay of Rs.38,090/- for five years)<br>(Rs.39,900-1,26,600)<br>PML-7 | Computer Science & Post B.Sc. Diploma Course in Computer Science | M.C.A./M.Sc.(Information Technology/ Computer Science)/B.E./B.Tech. (Computer Science / Information Technology) with at least 50% of the marks or equivalent grade and at least two (2) years experience of working in reputed Computer Laboratories.<br>**OR**<br>M.Sc. in Mathematics/Statistics/Physics/Electronics with at least 50% of the marks or equivalent grade with Post Graduate Diploma in Computer Applications and at least three (3) years experience of working in reputed Computer Laboratories.<br>**Age Limit : Below 40 years** |
| | | Home Science | B.E./B.Tech.(Electrical/Electronics & Communications) with at least 55% of the marks (or equivalent grade and at least two (2) years experience of food analysis and handling of sophisticated instruments.<br>**OR** |

| No. | Name of Posts | | Qualifications |
|---|---|---|---|
| | | | M.Sc. (Home Science) preferably Foods and Nutrition with at least 50% of the marks or equivalent grade and at least three (3) years experience of food analysis and handling of sophisticated instruments.<br>**Age Limit : Below 40 years** |
| | | Bhaikaka Library | Master of Library Science with at least 50% of the marks or equivalent grade and at least three (3) years experience in Library Work.<br>**Age Limit : Below 40 years** |

## (B) For Computer Centre:

| No. | Name of Posts | Qualifications |
|---|---|---|
| 1. | Electrician-cum-Air Condition Plant Mech. Operator<br>(Fixed Pay of Rs.31,340/- for five years)<br>(Rs.29,200-92,300) PML-5 | B.E./B. Tech.(Electrical) with at least 50% of the marks or equivalent grade and at least two (2) years of experience in maintenance and repairs of Air Conditioning units and refrigeration.<br>**OR**<br>Diploma in Air-Conditioning and Refrigeration or in Electrical Engineering from recognized institute and at least five (5) years experience in maintenance and repairs of Air Conditioning units and refrigeration.<br>**Age Limit : Below 35 years** |
| 2. | Punch Operator<br>(Fixed Pay of Rs.19,950/- for five years)<br>(Rs.19,900-63,200) PML-2 | Any Graduate with at least 50% of the marks or equivalent grade and Post-graduate Diploma in Computer Applications.<br>**OR**<br>B.C.A./B.Sc.(Computer Science/ Information Technology) with at least 50% of the marks or equivalent grade.<br>**Age Limit : Below 35 years** |

## (C) For Health Centre :

| No. | Name of the Post | Qualifications |
|---|---|---|
| 1. | Compounder<br>Fixed Pay of Rs.19,950/- for five years)<br>(Rs. 25,500-81,100) PML-4 | B. Pharm. and at least two (2) years experience & having First Aid Training.<br>Registration with State Pharmacy Council.<br>**Age Limit : Below 35 years** |

## (D) For Chemistry Department :

| No. | Name of the Post | Qualifications |
|---|---|---|
| 1. | Technician<br>(VPR 56100-177500) PML-10 | M.E. / M. Tech. (Electronics & Communications/ Instrumentation & Control) with at least 55% of the marks or equivalent grade and at least one (1) year experience in the maintenance and repairs of the instruments used in analytical laboratories.<br>**OR**<br>M.Sc. (Electronics/ Instrumentation & Control) with at least 55% of the marks or equivalent grade and at least three (3) years experience in the maintenance |

| No. | Name of the Post | Qualifications |
|---|---|---|
| | | and repairs of the instruments used in analytical laboratories.<br>**Age Limit : Below 40 years** |

## (E) For Biosciences Department :

| No. | Name of the Post | Qualifications |
|---|---|---|
| 1. | Garden Supervisor<br>(Fixed Pay of Rs.31,340/- for five years)<br>(Rs.29,200-92,300) PML-5 | B.Sc. in Botany / B.Sc. in Agriculture with at least 50% of the marks or equivalent grade and at least two (2) years experience in landscape & gardening.<br>**Age Limit : Below 35 years** |

## (F) For Estate:

| No. | Name of the Post | Qualifications |
|---|---|---|
| 1. | Mason<br>(Fixed Pay of Rs.19,950/- for five years)<br>(Rs. 25,500-81,100) PML-4 | Should be able to read and write in Gujarati and should have at least five (5) years experience of masonry work in a construction company.<br>**Age Limit : Below 35 years** |

## (G) For University Press :

| No. | Name of the Posts | Qualifications |
|---|---|---|
| 1. | Junior Compositor (University Press)<br>(Fixed Pay of Rs.19,950/- for five years)<br>(Rs.19,900-63,200) PML-2) | Any Graduate with at least 50% of the marks and at least three (3) years experience in well known Graphics editor and Gujarati typing work with 25 w.p.m. and English typing work with 40 w.p.m.<br>**OR**<br>I.T.I. (Printing Technology) from government recognized institute and five (5) years experience well known Graphics editor. and Gujarati typing work with 25 w.p.m. and English typing work with 40 w.p.m..<br>**OR**<br>H.S.C passed and D.T.P. (Desk Top Publishing) Computer Course Govt. / University approved Institution and at least five (5) years experience well known Graphics editor. Gujarati typing work with 25 w.p.m. and English typing work with 40 w.p.m.<br>Note: Necessary Certificates from recognized institute from state or central government shall attached for typing.<br>**Age Limit : Below 35 years** |
| 2. | Copy Holder Cum- Clerk<br>(Fixed Pay of Rs.19,950/- for five years)<br>(Rs.19,900-63,200) PML-2) | A Graduate with English as one of the subjects with at least 50% of the marks or equivalent grade and should possess the speed in Gujarati typing 25 w.p.m. and English typing 40 w.p.m.<br>Necessary Certificates from recognized institute from state or central government shall attached for typing.<br>**Age Limit : Below 35 years** |

# (૨) સામાન્ય સૂચનાઓ અને શરતો :

## (A) સામાન્ય સૂચનાઓ:

૧) ઉમેદવારે ઓનલાઇન અરજી કરતાં પહેલા સબંધિત જગ્યાના નિયત શૈક્ષણિક લાયકાત/અનુભવ/ ઉંમર અંગેની તમામ બાબતોમાં લાયકાત ધરાવે છે તે અંગેની ખાત્રી કર્યા બાદ જ ઓનલાઇન અરજી કરવાની રહેશે.

૨) ફક્ત ભારતીય નાગરિકત્વ ધરાવતા ઉમેદવારો જ અરજી કરી શકશે. ઉમેદવાર ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનું પુરતુ જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

૩) અધુરી વિગતોવાળી કે મોડી આવેલ અરજીઓ પરત્વે વિચારણા કરવામાં આવશે નહી. અરજદારે અરજીપત્રક યુનિવર્સિટી દ્વારા નિયત કરવામાં આવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં યુનિવર્સિટીને પ્રાપ્ત થાય તે મુજબ અરજીપત્રક રજીસ્ટર પોસ્ટ/રૂબરૂ માં જમા કરાવવાના રહેશે.

૪) ઉમેદવારે દરેક કેટેગરી અંતર્ગત અલગ-અલગ અરજી કરવાની રહેશે.

૫) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ બાદ મળેલ અરજીપત્રકોને ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં તથા તે અંગે ભરેલ ફી રીફંડ મળવાપાત્ર રહેશે નહી.

૬) ઉમેદવારે નિયત અરજી પત્રક જરૂરી સ્વપ્રમાણિત પ્રમાણપત્રોનાં બિડાણો સહિત જમા કરવાની રહેશે.

૭) એકથી વધુ જગા માટે અરજી કરવાની આવશ્યકતાઓ જણાય તો દરેક જગ્યા માટે અલગથી અરજી જરૂરી બિડાણો સાથે નીચેના નમૂના મુજબ કવરમાં અરજી જમા કરાવવાની રહેશે તથા દરેક જગ્યા માટે અલગથી ફી ભરવાની રહેશે.

અરજીપત્રકનો આઇ.ડી. નં. : ____________________

અરજીની જગ્યાનું નામ : ________________________

કઇ કેટેગરી અંતગર્ત અરજી કરેલ છે : _________________

પ્રતિ,
કુલસચિવ (મહેકમ વિભાગ)
સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦
ગુજરાત (ભારત)

રવાના : ____________________

નામ : ____________________

સરનામું : ____________________

____________________

મોબાઇલ નં. : ____________________

૮) નોકરી કરતા ઉમેદવારોએ પોતાની અરજી ખાતા મારફત મોકલવાની રહેશે અથવા ના વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૯) ઉમેદવારે સંબંધિત જગ્યા માટે જાહેરાતમાં દર્શાવવામાં આવેલ શૈક્ષણિક લાયકાતની તમામ વિગતો ધ્યાને લઇને જ ઓનલાઇન અરજીપત્રકમાં વિગતો ભરવાની રહેશે.

૧૦) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ નિયત શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા/નોન ક્રિમીલેયર સર્ટી તથા અન્ય જરૂરી લાયકાત અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ ધ્યાનમાં લેવામાં આવશે.

૧૧) ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા જણાવવામાં આવે ત્યારે સરકાર માન્ય બોર્ડ/યુનિવર્સિટી/સંસ્થાના ગુણપત્રક અને જરૂરી પ્રમાણપત્રોની અસલ અને સ્વપ્રમાણિત નકલો રજૂ કરવાની રહેશે.

૧૨) પસંદગી પામનાર ઉમેદવારે ગુજરાત સરકારશ્રીના વખતો-વખતના CCC/CCC+ (Course on Computer Concepts)ની પરીક્ષા અંગે જે નિયમો નિયત કરેલ છે તે મુજબ CCC/CCC+ની પરીક્ષા સરકાર માન્ય પરીક્ષા કેન્દ્રો પરથી અજમાયશી સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે.

૧૩) ફિક્સ પગારથી લાયક ઉમેદવારની પાંચ (૦૫) વર્ષનાં કરારીય ધોરણો આધારે નિમણૂક થયા બાદ આ જગ્યાના ભરતી નિયમો, ખાતાકીય પરીક્ષા નિયમો, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા નિયમો-૨૦૦૬ મુજબ સરકારશ્રીના વખતો-વખતના ઠરાવ મુજબ નિયત પરીક્ષાઓ કરારીય સમયગાળામાં પાસ કરવાની રહેશે.

૧૪) જાહેરાતમાં દર્શાવેલ A-3, 4, 5, 6, 7, 8, B-1, 2, C-1, E-1, F-1, G-1, 2 વગેરે જગ્યાઓ ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ તા.૧૮/૦૭/૨૦૧૭નો પરિપત્ર મુજબ તેમજ વખતો-વખતના ઠરાવોની જોગવાઈઓને આધીન પ્રથમ પાંચ વર્ષ માટે ફીક્સ પગારથી નિમણૂક અપાશે તેમજ સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવમાં દર્શાવેલ વખતોવખતના રાજ્ય સરકારની તમામ બોલીઓ અને અન્ય શરતોને આધીન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી જે તે પ્રવર્તમાન પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાપાત્ર થશે તથા તેવા ઉમેદવારો માટે નવી વર્ધિત પેન્શન યોજના લાગુ પડશે.

૧૫) ફિક્સ પગારની પાંચ વર્ષની કરાર આધારિત સેવા હેઠળ પસંદગી પામેલ ઉમેદવારોની પાંચ વર્ષની સેવાઓ અને ફરજો સંતોષકારક હશે તો જ ગુજરાત સરકારશ્રીના નિયમોનુસાર નિયત પગાર ધોરણમાં નિયમિત કરવાની કાર્યવાહી કરવામાં આવશે. તેમજ પાંચ વર્ષના અંતે તેમની સેવાઓ નિમણૂક અધિકારીને સંતોષકારક જણાયેથી સરકારશ્રીના વખતો વખતના ધારા-ધોરણ મુજબ મળવાપાત્ર નિયત પગાર ધોરણમાં નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

૧૬) સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી ભરતી પ્રક્રિયા અંગેની કોઈપણ પ્રકારની માહિતી માગતી આરટીઆઇ એક્ટ હેઠળની કોઈપણ અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.

૧૭) રાજ્ય સરકાર/યુનિવર્સિટી દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતા નિયમો અરજદારોને લાગુ પડશે.

૧૮) પસંદગી પામેલ ઉમેદવારને યુનિવર્સિટી જે કોઇ વધારાની જવાબદારી સોંપશે તે નિભાવવાની રહેશે.

૧૯) ઉમેદવારના નામમાં, અટકમાં જો કોઈ તફાવત હોય તો (લગ્ન નોંધણી પ્રમાણપત્ર) અંગેના જરૂરી દસ્તાવેજી પુરાવા અરજી સાથે અચૂક બીડવાના રહેશે.

૨૦) ઉમેદવાર પોતે મેરીટ યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક મેળવવાનો દાવો કરવાને હક્કદાર થશે નહી. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના (સામાન્ય) નિયમો-૧૯૬૭ થી ઠરાવેલ નિયમો અનુસાર યોગ્ય જણાતો નથી. તો જે તે તબક્કે આવા ઉમેદવારને તેની નિમણૂંક રદ્દ કરી પડતો મુકી શકાશે. નિમણૂક બાબત યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે.

૨૧) ઉમેદવારોએ યુનિવર્સિટી તરફથી લેખિત/ઓનલાઇન પરીક્ષા/રૂબરૂ મુલાકાતનુ આયોજન કરવામાં આવે ત્યારે સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે.

૨૨) ઉપરોક્ત તમામ જગ્યાઓ રાજ્ય સરકારશ્રી/યુનિવર્સિટીના પ્રવર્તમાન અને વખતો વખતની સુચનાઓ તેમજ નિયમોનુસાર ભરવાપાત્ર રહેશે.

૨૩) લેખિત/ઓનલાઇન સ્પર્ધાત્મક પરીક્ષા સંદર્ભની તેમજ ત્યારબાદની તમામ સુચનાઓ ઉમેદવારના અરજી પત્રકમાં દર્શાવેલ મોબાઇલ નંબર/ઇ-મેઇલ પર આપવામાં આવશે. આથી, અરજીપત્રકમાં સંબધિત કોલમમાં ઉમેદવારે મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો અને પરીક્ષા પ્રક્રિયા પૂર્ણ થયા સુધી

નંબર જાળવી રાખવો અનિવાર્ય છે. મોબાઈલ નંબર બદલવા અથવા બંધ થઈ જવાના કારણે ઉમેદવારને SMSથી સૂચના ના મળે તો તેની જવાબદારી ઉમેદવારની રહેશે.

૨૪) જાહેરાતની સંલગ્ન તમામ સૂચનાઓ યુનિવર્સિટીની વેબસાઇટ www.spuvvn.edu પર વખતોવખત પ્રસિદ્ધ કરવામાં આવશે. જેથી અરજી કરેલ ઉમેદવારોને યુનિવર્સિટીની વેબસાઇટ નિયમિત જોતા રહેવા જણાવવામાં આવે છે.

૨૫) જાહેરાત કે ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કે રદ કરવાની આવશ્યકતા જણાય તેવા સંજોગોમાં આ અંગેનો યુનિવસિટીને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે.

૨૬) યુનિવર્સિટીએ માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ન હોય તો ઉમેદવારે ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા/આધાર અરજી સાથે રજૂ કરવાની રહેશે.

૨૭) ન્યાયિક કાર્યવાહી માટે ન્યાયક્ષેત્ર આણંદ પુરતુ મર્યાદીત રહેશે.

૨૮) વધારાની માહિતી રજૂ કરવા ઈચ્છતા હોય તો તેવા અરજદારોએ અલગ પેજમાં તેવી માહિતી દર્શાવવાની રહેશે.

૨૯) સરદાર પટેલ યુનિવર્સિટીમાં એડહોક ધોરણે હાલમાં ફરજ બજાવતા અને ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ધરાવતા કર્મચારીઓને વયમર્યાદામાં પાંચ વર્ષની છુટછાટનો લાભ મળવાપાત્ર થશે.

## (B) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતી, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગો :

૧. અનામત જગ્યાઓ ફક્ત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત છે.

૨. અનામત વર્ગના તમામ ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલા નમૂના પ્રમાણે અરજી સાથે બીડવાનું રહેશે.

૩. સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ ઉન્નત વર્ગમાં ન થતો હોય તો જ મળવાપાત્ર રહેશે.

૪. સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત નમુનાનું સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક સશપ-૧૧૦૯-૧૬૬૩-અથી નિયત થયેલ પરિશિષ્ટ-૪ (ગુજરાતીમાં) <u>**(Annexure-I)**</u> તથા તા.૨૬-૦૪-૨૦૧૬નાં ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ તેમજ તા.૧૮-૦૮-૨૦૧૭ના ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૭/૧૨૪૩૮૨/અ ની જોગવાઈ મુજબ અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે (અંગ્રેજીમાં કઢાવેલ નોન-ક્રિમીલેયર સર્ટિફીકેટ જે કેન્દ્ર સરકારની નોકરી માટેનું હોય માન્ય ગણવામાં આવશે નહી.) પરીક્ષા બાદ, પ્રમાણપત્રોની ચકાસણી સમયે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજૂ ન કરી શકતાં ઉમેદવારોની ઉમેદવારી રદ થશે.

૫. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ૨૬/૦૪/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ ''ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેના પ્રમાણપત્ર''ની મહત્તમ અવધિ (Validity) ૩ નાણાંકીય વર્ષ મુજબ અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહીં.

૬. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે નોન-ક્રિમીલેયર પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનુ રહેશે. જો આવા ઉમેદવાર તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેમની ઉમેદવારી રદ્દ કરવામાં આવશે.

૭. આર્થિક રીતે નબળા વર્ગો અંતગર્ત ઉમેદવારી નોંધાવવા ઇચ્છતા ઉમેદવારોએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તારીખ : ૨૩/૦૧/૨૦૧૯ ઠરાવ ક્રમાંક : ઇ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી કરેલ **(Annexure-II)** પ્રમાણેની અરજી સાથે બિડવાનું રહેશે.

૮. ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ)માં બાદ કોઇપણ સંજોગોમાં કેટેગરી બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. અરજીમાં ઉમેદવારે દર્શાવેલ કેટેગરી અને ઉમેદવારની ખરેખર કેટેગરીમાં તફાવત માલુમ પડશે તો તેવી અરજી રદ્દ થશે.

૯. જે ઉમેદવારોએ અરજી પત્રકમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો તેઓને અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક/દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

૧૦.મુળ ગુજરાતના હોય અને જાહેરાતમાં જે કેટેગરીના ઉમેદવારો માટે જગ્યા અનામત છે તેવી જ કેટેગરીના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે. તેમજ અનામત વર્ગોને બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ મહત્તમ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે.

## (C) ફીઃ

૧. SC/ST કેટેગરીના તમામ ઉમેદવારોએ પ્રોસેસિંગ ફી ₹.૨૫૦/- તથા અન્ય કેટેગરીના હોય તમામ ઉમેદવારોએ પ્રોસેસિંગ ફી ₹.૫૦૦/- Online Payment સિસ્ટમથી જ ભરવાના રહેશે. અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહીં.

૨. ફી ભર્યા બાદ, કોઇ પણ સંજોગોમાં ફી પરત મળવાપાત્ર રહેશે નહીં તેમજ ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.

## (D) શૈક્ષણિક લાયકાતઃ

૧. જાહેરાતમાં માગ્યા મુજબની જરૂરી શૈક્ષણિક લાયકાતની સંપૂર્ણ વિગતો ઉમેદવારે અરજીપત્રકમાં અવશ્ય દર્શાવવી તથા અરજીપત્રકમાં જણાવેલ લાયકાતના સમર્થનમાં ડિપ્લોમા/ડિગ્રીના પ્રમાણપત્રો અને /અથવા ગુણપત્રકની સ્વપ્રમાણિત નકલ અરજી સાથે અચૂક બીડવી.

૨. ઉમેદવારે નિયત શૈક્ષણિક લાયકાત સરકાર માન્ય બોર્ડ/યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.

૩. શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક-દાવો સ્વીકારવામાં આવશે નહીં.

## (E) અનુભવઃ

૧. જાહેરાતમાં માગ્યા મુજબનો અનુભવ ધરાવનાર ઉમેદવારે તે અંગેની સંપૂર્ણ વિગતો અરજીપત્રકમાં અવશ્ય દર્શાવવી તથા તે અંગેનાં પ્રમાણપત્રોની નકલ અરજી સાથે અચૂક બીડવી.

૨. જાહેરાતમાં અનુભવ માગવામાં આવ્યો ના હોય તો પણ ઉમેદવારે અનુભવ ધરાવતા હોય તો તે અંગેની વિગતો અરજીપત્રકમાં દર્શાવવી.

૩. અનુભવ તરીકે પગાર ધોરણ પણ દર્શાવેલ હોય તો અનુભવ અંગેના પ્રમાણપત્રમાં પગારધોરણે લગતી બાબતો તથા તે અંગેના જરૂરી આધારો બિડાણ સાથે અરજીપત્રક સાથે જોડવાના રહેશે.

## (F) પસંદગી પ્રક્રિયાઃ

૧. A-3, 4, 5, 6, 7, 8, B-1, 2, C-1, E-1, F-1, G-1, 2ની જગ્યા ઉપર પસંદગી પામવાના હેતુસર ઉમેદવારે સ્પર્ધાત્મક પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે.

૨. સ્પર્ધાત્મક પરીક્ષા અંગે અભ્યાસક્રમ અને તેનુ માળખુ અલગથી યુનિવર્સિટીની વેબસાઇટ www.spuvvn.edu ઉપર મુકવામાં આવશે જેથી ઉમેદવારોએ સમય સમય પર વેબસાઇટ જોતા રહેવું.

૩. ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ નં.પરચ-૧૦૨૦૧૫-૧૨૨૩-ક તા.૦૬/૧૧/૨૦૧૫ મુજબ વર્ગ-૩ની સંવર્ગની જે જગ્યાઓની સીધી ભરતીથી નિમણૂંક કરવાની

હોય ત્યાં રૂબરૂ મુલાકાત (Interview)ની જોગવાઈ રદ્દ થતા ફક્ત સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે જ પસંદગી કરવામાં આવશે.

૪. ઉક્ત સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા દરમિયાન તૈયાર થયેલ અગ્રતાક્રમમાં પરીક્ષાનુ મેરીટ એકસરખુ થાય ત્યારે નીચેની વિગતે યોગ્ય નિર્ણય લઈ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

૧) જો એક કરતા વધારે ઉમેદવારોના મેરીટ/ગુણ એક સરખા આવેલ હોય તેવા ઉમેદવારો માટે તેમની જન્મ તારીખ (મોટી ઉંમરના ઉમેદવારને પ્રાધાન્ય) ધ્યાને રાખી તે મુજબ અગ્રતાક્રમ નક્કી કરવામાં આવશે.

૨) ઉક્ત (૧) મુજબ જન્મ તારીખ સરખી થાય તેવા કિસ્સામાં લેખિત પરીક્ષા (ભાગ-૧)માં મેળવેલ ગુણને ધ્યાને લઈ તે મુજબ અગ્રતાક્રમ નક્કી કરવામાં આવશે.

૩) ઉક્ત (૨) મુજબ લેખિત પરીક્ષા (ભાગ-૧)માં મેળવેલ ગુણ સરખા હોય ત્યારે શૈક્ષણિક લાયકાત સ્નાતક કક્ષામાં મેળવેલા કુલ ગુણ ધ્યાને લઈ તે મુજબ અગ્રતાક્રમ નક્કી કરવામાં આવશે.

## (G) યુનિવર્સિટી જે કોઈ ઉમેદવારને નીચે મુજબની બાબતોમાં કે અન્ય બાબતોમાં દોષિત ઠેરવશે તો તેની ઉમેદવારી રદ્દ કરવામાં આવશે.

૧) તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે યુનિવર્સિટીના કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે.

૨) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે.

૩) ખોટી અથવા મહત્ત્વની માહિતી છુપાવતા હોય તેમની અરજીઓ રદ કરવામાં આવશે.

૪) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે.

૫) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઈ પણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈ પણ ગેરરીતિ આચરવા માટે

૬) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખાણ માટે.

૭) OMR/ઉત્તરવહીમાં પોતાની ઓળખસૂચક કોઈપણ પ્રકારની નિશાની, લખાણ, આલ્ફાબેટ, ચિહ્ન કે જેનાથી ઓળખ પ્રસ્થાપિત થતી હોય તેવા પ્રયાસ કરવા.

૮) પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે

૯) પરીક્ષાના સંચાલન કરવા માટે યુનિવર્સિટીમાં રોકેલા કર્મચારીઓ સાથે સીધી કે આડકતરી રીતે કનડગત કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે.

૧૦) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈ પણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા આવા પ્રસંગે મદદગારી કરવા માટે, અથવા પરીક્ષા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈ પણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનુ જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહી પત્ર થવા ઉપરાંત (ક) યુનિવર્સિટી, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે. અથવા (ખ) (૧) યુનિવર્સિટી સીધી પસંદગી માટે લેવાની કોઈ પણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈ પણ રૂબરૂ મુલાકાતમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ માટે ગેરલાયક/બાબત કરી શકાશે.

૧૧) ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ/યુનિવર્સિટી દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયકાતનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી આપોઆપ રદ્દ થવાને પાત્ર બનશે.

## (H) નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ્દ કરવામાં આવશે.

(આ યાદી માત્ર ઉદાહરણરૂપ છે. જે સંપૂર્ણ નથી.)

૧. મુસદ્દા મુજબ અરજી કરેલ ન હોય.
૨. અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.
૩. અરજીમાં ઉમેદવારે સહી કે પાસપોર્ટ સાઈઝનો ફોટો ન હોય.
૪. અરજી ફેક્સથી, ઇ-મેઇલથી મોકલાવેલ હોય.
૫. ઉમેદવારે પૂરેપૂરી ફી ન ભરેલ હોય.
૬. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગની જાતિ અંગેનું પ્રમાણપત્ર અરજી પત્રક સાથે બિડેલ ન હોય.
૭. સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોવા અંગેનું નોન-ક્રિમીલેયર (પરિશિષ્ટ ૪) પ્રમાણપત્ર અરજી પત્રક સાથે બિડેલ ન હોય.
૮. (અ) જે અરજીઓનું ઓનલાઇન ફાઇનલ સબમીશન કરેલ નહિ હોય તે અરજીઓ રદ કરવામાં આવશે.
   (બ) ઓનલાઇન અરજી કરેલ નહી હોય અને માત્ર હાર્ડકોપી જમા કરાવેલ હશે તે અરજીઓ પણ રદ કરવામાં આવશે.
   (ક) અરજીઓનું ઓનલાઇન ફાઇનલ સબમિશન કર્યા વગર હાર્ડ કોપી જમા કરાવેલ હશે તે અરજી રદ કરવામાં આવશે.

## (I) ગેરવર્તણૂંકઃ

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ અરજીપત્રકમાં કોઇ પણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહીં. તેમજ આવશ્યક માહિતી છુપાવવી નહી. ઉપરાંત તેઓએ રજૂ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇ પણ સંજોગોમાં સુધારો કે ફેરફાર અથવા બીજા કોઈ પણ ચેડા કરવા નહીં અથવા તેઓએ આવાં ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજૂ કરવા નહીં. જો એક પણ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલોમાં કોઇ પણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગતતાઓ જણાય તો તેની સ્પષ્ટતા રજૂ કરવી. જો કોઇ પણ ઉમેદવાર યુનિવર્સિટી દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો યુનિવર્સિટીના નિયમો અથવા તો ગુજરાત સરકારશ્રીના નિયમો અનુસાર કાયદેસરની કાર્યવાહી કરવાને પાત્ર બનશે.

નં.બી/એસ/૨/૪૧૫૫
વલ્લભ વિદ્યાનગર — ડૉ.જયોતિ તિવારી
તારીખ : ૦૪/૦૧/૨૦૨૧ — કાર્યકારી કુલસચિવ

**નકલ સવિનય રવાનાઃ**

(૧) વડાશ્રી, અનુસ્નાતક વિભાગો તથા આચાર્ય, એમ.બી. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન,સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર
(૨) ડાયરેકટરશ્રી, જી.એચ.પટેલ કોમ્પ્યુટર સેન્ટર,સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર
(૩) એમ્પલોયમેન્ટ અધિકારી, જિલ્લા એમ્પલોયમેન્ટ એક્ષચેન્જ, આણંદ
(૪) ડેપ્યુટી ચીફ, યુનિવર્સિટી એમ્પલોયમેન્ટ માહિતી અને ગાઇડન્સ બ્યુરો, વલ્લભ વિદ્યાનગર
(૫) આચાર્યશ્રી, સંલગ્ન કૉલેજો
(૬) વડાશ્રી, યુનિવર્સિટી કાર્યાલયના વિભાગો, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર
(૭) ડેપ્યુટી સેક્રેટરી, શિક્ષણ વિભાગ, બ્લોક નં.૫, ૭મો માળ, ગાંધીનગર
(૮) અધિક કમિશ્નર, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,બ્લોક નં.૧૨,જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

*******************